ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ

"પર્યાવરણ ભવન"

સેક્ટર: ૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦

## જાહેર સૂચના

**વિષય: White Category Industries ને બોર્ડની સી.ટી.ઇ. (કન્સેન્ટ ટુ એસ્ટાબ્લિશ) અને સી.સી.એ. (કન્સેન્ટ ટુ ઓપરેટ) મંજૂરી મેળવવામાંથી મુક્તિ અંગે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો અભિપ્રાય ન માંગવા બાબત.**

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા વન, પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન મંત્રાલય (MoEF&CC), નવી દિલ્હી ના વખતો વખત પ્રસિધ્ધ જાહેરનામા તેમજ કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની સુચનાઓને ધ્યાને લઈ પ્રદૂષણની સંભાવના ન ધરાવતા અથવા અત્યંત ઓછી પ્રદૂષણ સંભાવના ધરાવતા White Category માં આવતી કુલ દ્વારા ७६८ Industrial Activities / Products નું લિસ્ટ (Updated as on 23.10.2026) તા: ૨૩/૧૦/૨૦૨૬ ના રોજ Exemption of White Category Industries from requirement of CTE & CCA અંગે પરિપત્ર સાથે પ્રસિધ્ધ કરેલ છે. જેઓને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની સી.ટી.ઇ. (કન્સેન્ટ ટુ એસ્ટાબ્લિશ) અને સી.સી.એ. (કન્સેન્ટ ટુ ઓપરેટ) મંજૂરી મેળવવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે (https://gpcb.gujarat.gov.in/Home/WhiteCategoryIndustries) . આ પ્રકારના એકમોને માટે વન, પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન મંત્રાલય (MoEF&CC) ના તા. ૧૨ નવેમ્બર, ૨૦૨૪ના જાહેરનામા ક્રમાંક G.S.R. 703(E) અનુસાર તેમની કામગીરી અને પર્યાવરણીય કાયદાઓના પાલન અંગે સ્વ-ઘોષણા (self-declared compliance) વિશે રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને ફક્ત જાણ કરવી આવશ્યક છે.

અત્રે નોંધનીય છે કે કોઈ ચોક્કસ ઔદ્યોગિક એકમ 'વ્હાઇટ કેટેગરી' (White Category) માં આવે છે કે નહીં તે અંગે GPCB (ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ) દ્વારા સ્પષ્ટીકરણ (clarification / acknowledgement) આપવાની પ્રવર્તમાન નિયમોમાં કોઈ જોગવાઈ નથી. સદર બાબત અને 'Ease of Doing Business' (EoDB) ના પ્રોત્સાહનના ઉદ્દેશ્યથી તમામ સંબંધિત સરકારી વિભાગો / કચેરીઓ, બેન્ક કે અન્ય સંસ્થાઓને ઔદ્યોગિક એકમો પાસેથી તેઓ 'વ્હાઇટ કેટેગરી' (White Category) માં આવે છે તે અંગે GPCB (ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ) નું સ્પષ્ટીકરણ (clarification / acknowledgement) મેળવી રજૂ કરવા આગ્રહ ન રાખવા અને ઔદ્યોગિક એકમ દ્વારા પ્રસ્તાવિત Industrial Activities / Products જો વન, પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન મંત્રાલય, કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પ્રસિધ્ધ કરેલ 'વ્હાઇટ કેટેગરી' (White Category) ઉદ્યોગોના લિસ્ટમાં હોય તો ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની સી.ટી.ઇ (કન્સેન્ટ ટુ એસ્ટાબ્લિશ) અને સી.સી.એ. (કન્સેન્ટ ટુ ઓપરેટ) ની જરૂર નથી તેમ માની જે તે ઉદ્યોગ દ્વારા જીપીસીબીમાં રજુ કરેલ માહીતી પત્ર આધારીત અન્ય લાગુ પડતી પરવાનગી, નોંધણી, લાઇસન્સ, નાણાંકિય સહાય, યોજનાકીય લાભ અથવા અન્ય વહીવટી પ્રક્રિયા અંગે નિર્ણય લેવા જણાવવામાં આવે છે.

વ્હાઇટ કેટેગરી અંગેનું અધ્યતન લીસ્ટ જીપીસીબી વેબ સાઈટ : https://gpcb.gujarat.gov.in પર ઉપલબ્ધ છે.

(દિપાલી ટાંક)
સભ્ય સચિવ

**Gujarat Pollution Control Board**

**'Paryavaran Bhavan',**

**Sector 10-A, Gandhinagar – 382 010**

## PUBLIC NOTICE

**Subject: Regarding non-requirement to seek the Gujarat Pollution Control Board's opinion on the exemption of 'White Category' industries from obtaining the Board's CTE (Consent to Establish) and CCA (Consent to Operate) approvals.**

The Gujarat Pollution Control Board (GPCB) issued a circular dated. 23/10/2026 in consideration of the periodic Notifications issued by the Ministry of Environment, Forest and Climate Change (MoEF&CC), New Delhi, and the directives

of the Central Pollution Control Board (CPCB). This circular outlines the Exemption of White Category Industries from the requirement of Consent to Establish (CTE) & Consolidated Consent & Authorization (CCA) (https://gpcb.gujarat.gov.in/Home/WhiteCategoryIndustries), featuring an updated list (as on 23.10.2026) containing a total of 768 Industrial Activities / Products that possess no or negligible pollution potential and such industrial units are only required to inform the State Pollution Control Board regarding their operations and their self-declared compliance with environmental laws in accordance with the Ministry of Environment, Forest and Climate Change (MoEF&CC) Notification No. G.S.R. 703(E) dated November 12, 2024.

It is noteworthy that under the current rules, there is no provision for the GPCB (Gujarat Pollution Control Board) to issue any clarification or acknowledgement regarding whether a specific industrial unit falls under the 'White Category'. To promote the objective of 'Ease of Doing Business' (EoDB), all relevant Government Departments, Offices, Banks, and other Institutions are instructed not to insist on industrial units obtaining and submitting such clarifications or acknowledgements from the GPCB.

If the industrial activities or products proposed by an industrial unit are included in the 'White Category' industry list published by the Ministry of Environment, Forest and Climate Change, the Central Pollution Control Board, or the Gujarat Pollution Control Board, it shall be deemed that CTE (Consent to Establish) and CCA (Consent to Operate) from the GPCB are not required. Accordingly, decisions regarding other applicable permissions, registrations, licenses, financial assistance, scheme benefits, or other administrative processes should be made based on the intimation document submitted by the respective industry to the GPCB.

The updated list regarding the White Category is available on the GPCB website:https://gpcb.gujarat.gov.in

**(Dipali Tank)**

**Member Secretary**